eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 197
September 18, 2009

## સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વિકલાંગ / વિધવા વ્યકિતઓને સ્વરોજગારીની તક

સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વિકલાંગ / વિધવા વ્યકિતઓને સ્વરોજગારીની તક મળી રહે તેઓ પગભર થઈ શકે તે હેતુ માટે કેબીન મુકવા માટેની જગ્યા ફાળવવા બાબતે સુરતમહાનગરપાલિકાની સામાન્ય સભાના ઠરાવ નં. ૫૧૫/૨૦૦૩, તા. ૨૩/૦૭/૨૦૦૩ થી નકકી થયેલ નિતી મુજબ જાહેર વિજ્ઞપ્તિ પ્રસિધ્ધ કરીને સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયત કરવામાં આવેલ સ્થળોએ કેબીન માં વિકલાંગ / વિધવા અરજદારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગ્ય ખાતા દ્વારા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

સુરત શહેરના તમામ વિસ્તારોમાં લોકોને આરોગ્યપ્રદ સારવાર મળે, આરોગ્ય પ્રદ વાતાવરણ મળે તેમજ માંદગીની અટકાયત માટે સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ સતત ચિંતીત છે અને તે માટે સુરત મહાનગરપાલિકામાં હદ વિસ્તરણ કરી નવા સમાવિષ્ટ વિસ્તારોમાં લોકોને આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે હેતુથી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળ તરણ સ્પર્ધા

હરિ ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળ તરણ સ્પર્ધા" નું આયોજન તા. ૩૦–૦૯–૨૦૦૯ ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા એન્ડ બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની આરોગ્યલક્ષી કામગીરી

સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોનના વડાશ્રી તથા ઝોનલ અધિકારીશ્રીની સુચના મુજબ નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માગદર્શન હેઠળ આજરોજ તા. ૧૫–૦૯–૦૯ ના રોજ સેન્ટ્રલ ઝોનના ચૌટા બજાર વિસ્તારમાં ઓપરેશન હેલ્થ કેર હેઠળ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર પાલિકા નાં સા. વે. ઝોન(અઠવા) ના આરોગ્ય વિભાગ ધ્વારા પ્રિમોન્સુન ની કામગીરીના સંદર્ભે આદરેલી સઘન ઝુંબેશ

ડે. કમિશ્નરશ્રી (સ્પે.) અને કાર્યપાલક ઈજનેરશ્રીના આદેશાનુસાર તથા સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન સંલગ્ન આરોગ્ય વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે ડે. કમિશ્નરશ્રી પ્રદિપસિંહ ઝાલાની સુચના મુજબ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં "વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ" તરફથી આપેલ નોટીસનો અનાદર કરીને મેલેરિયા –ડેન્ગ્યુના મચ્છર ઉત્પન્ન થાય તેવું કૃત્ય કરતાં રીંગ રોડ કોહિનુર માર્કેટનાં પી.આર.ઓ ને મ્યુનિસિપલ કોર્ટે કરેલ દંડ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જનિત રોગ નિયંત્રણ (ફાયલેરીયા–મેલેરિયા) વિભાગ તરફથી મચ્છરનો ત્રાસ દુર કરવા તેમજ ઉત્પતિ અટકાવવા માટે ઘનિષ્ઠ કામગીરીનાં ભાગ રૂપે ઘરેઘરમાં ચેકીંગ કરી મચ્છરની ઉત્પતિ થતી જણાય તો તે અંગેની ખામી દુર કરવા નોટીસ આપવામાં આવે છ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા તરફથી ૩૭મી નાટય સ્પર્ધાનું આયોજન તા.૬.૯.૦૯ થી તા.૧૫.૯.૦૯ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન ખાતે આયોજન

સુરત મહાનગરપાલિકા તરફથી ૩૭મી નાટય સ્પર્ધાનું આયોજન તા.૬.૯.૦૯ થી તા.૧૫.૯.૦૯ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન ખાતે કરવામાં આવેલ. સુરત શહેરની નાટય સંસ્થાઓના કુલ ૧૦ નાટકો આ શ્રૃંખલામાં રજુ થયા હતા. સ્પર્ધાના અંતિમ નાટક "ગનપટ ચયઢો ગોટારે" શો બાદ સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારંભ મા. શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, ડે.કમિશનર(પ. અને ઈ.)શ્રી સી.જે.ગામીત, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્વાતીબેન ભટ્ટ, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષાશ્રીમતી હીનાબેન કાબરાવાલા નિર્ણાયકશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વિકલાંગ / વિધવા વ્યકિતઓને સ્વરોજગારીની તક

સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વિકલાંગ / વિધવા વ્યકિતઓને સ્વરોજગારીની તક મળી રહે તેઓ પગભર થઈ શકે તે હેતુ માટે કેબીન મુકવા માટેની જગ્યા ફાળવવા બાબતે સુરતમહાનગરપાલિકાની સામાન્ય સભાના ઠરાવ નં. ૫૧૫/૨૦૦૩, તા. ૨૩/૦૭/૨૦૦૩ થી નકકી થયેલ નિતી મુજબ જાહેર વિજ્ઞપ્તિ પ્રસિધ્ધ કરીને સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયત કરવામાં આવેલ સ્થળોએ કેબીન માં વિકલાંગ / વિધવા અરજદારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ.

નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓ નકકી કરેલ જગ્યાઓ કરતા વધુ હોવાથી સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના તા. ૦૨/૦૭/૨૦૦૯ , નં. ૮૧૩/૨૦૦૯ના ઠરાવથી ડ્રો કરી યાદી / પ્રતિક્ષાયાદી બનાવવા નિર્ણય કરવામાં આવેલ સરદાર સ્મૃતિ ભવનમાં શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વિપક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, જિલ્લા સમાજ સુરક્ષા ખાતાના ચ,ીફ ઓફિસરશ્રી, એમ.ડી. રાઓલ તથા શ્રી દિલીપભાઈ મહાલે, ટાઉન પ્લાનરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી (વરાછા ઝોન), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરી તથા મોટી સંખ્યામાં હાજર રહેલ ઉમેદવારીની હાજરીમાં ડ્રો યોજવામાં આવેલ. ડ્રો કરીને કુલ :૩૭ લોકેશન ઉપર ૮૭ જગ્યાઓ માટે વિકલાંગ / વિધવા અરજદારોની યાદી /પ્રતિક્ષાયાદી બનાવવામાં આવેલ છે. જે યાદી/ પ્રતિક્ષાયાદી મહાનગરણાલિકાની મુખ્ય કચેરીના ટાઉન પ્લાનીંગ વિભાગના તથા સુરત મહાનગરપાલિકાની તમામ ઝોન કચેરીઓના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. હવે પછી આ યાદી/ પ્રતિક્ષાયાદી મુજબના અરજદારોને ફાળવણીપત્ર (એલોટમેન્ટ લેટર) આપવામાં આવશે.

TOP

## આરોગ્ય ખાતા દ્વારા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

સુરત શહેરના તમામ વિસ્તારોમાં લોકોને આરોગ્યપ્રદ સારવાર મળે, આરોગ્ય પ્રદ વાતાવરણ મળે તેમજ માંદગીની અટકાયત માટે સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ સતત ચિંતીત છે અને તે માટે સુરત મહાનગરપાલિકામાં હદ વિસ્તરણ કરી નવા સમાવિષ્ટ વિસ્તારોમાં લોકોને આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે હેતુથી સરકારશ્રીના એન આર એચ એમ / આર સી એચ–૨ / પ્રોગામ હેઠળ હાલ તુરત છાપરાભાઠા, ઉત્રાણ, સીમાડા, પાલનપુર અને ડુમસ ખાતે નવા શહેરી આરોગ્ય કેન્દ્ર તા. ૧૨–૦૯–૦૯ થી શરૂ કરવામાં આવી રહેલ છે.

(૧) છાપરાભાઠા અર્બન હેલ્થ સેન્ટર, ૧૩, અભયનગર, છાપરાભાઠા.

(૨) ઉત્રાણ અર્બન હેલ્થ સેન્ટર, ૧૪૫/૧, રાજપુત ફળીયું, ઉત્રાણ.

(૩) સીમાડાઅર્બન હેલ્થ સેન્ટર, બંસીધર વિદ્યાલય, ધર્મરાજ સોસાયટી, સીમાડા.

(૪) પાલનપુર અર્બન હેલ્થ સેન્ટર, ૩૭ સંધ્યાવદન સોસાયટી, પાલનપુર.

(૫) ડુમસ અર્બન હેલ્થ સેન્ટર, બાપુજીની વાડી, સુલતાનાબાદ, ડુમસ.

ઉપરોકત અર્બન હેલ્થ સેન્ટરનો શુભારંભ માનનીય ચેરમેનશ્રી, રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ રંજનબેન સરતાનાપરા તથા સ્થાનિક કોર્પોરેટરશ્રીઓની ઉપસ્થિતિ માં કરવામાં આવશે. આ નવા શરૂ કરવામાં આવનાર અર્બન હેલ્થ સેન્ટરમાં આરોગ્યલક્ષી વિવિધ સેવાઓ મળી રહેશે. જેનો લાભ લેવા માટે જાહેર જનતાને જણાવવામાં આવે છે. જે નીચે મુજબ છે.

૧. વિવિધ રોગોનું નિદાન તથા સારવાર

૨. મેલેરિયા/ ક્ષયનું નિદાન તથા સારવાર

૩. જાતીય રોગ વિષયક સેવાઓ સલાહ/ સૂચન અને સાધનોનું વિતરણ.

૪. માતૃબળ કલ્યાણ સેવાઓ

૫. કુટુંબ કલ્યાણ સેવાઓ/મમતા કલીનીક

૬. રસીકરણ સેવાઓ.

સરકારશ્રી તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા આરોગ્ય સેવાઓ દરેક નવા સમાવિષ્ટ વિસ્તારોમાં મળી રહે તે માટે બાકી રહેલ વિસ્તારોમાં પણ ટુંક સમયમાં નવા આરોગ્ય કેન્દો શરૂ કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

TOP

## શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળ તરણ સ્પર્ધા

હરિ ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળ તરણ સ્પર્ધા" નું આયોજન તા. ૩૦–૦૯–૨૦૦૯ ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા એન્ડ બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં રહેતા ૯ થી ૧૩ વર્ષની વયના તરણવીરો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ન. પ્રા. શાળા ક્રમાંક –૧૪૨, સીલ્ક માર્કેટની સામે, મેમણ હોલની બાજુમાં ચોકબજાર, સુરત ખાતેથી તા. ૨૪–૦૯–૦૯ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો અથવા સ્કૂલ બોનાફાઈડ સર્ટીફિકેટ, ડોકટરનું ફીટનેસ સર્ટીફિકેટ તથા વાલીની લેખિત સંમતિ સહિત પરત કરવાના રહેશે.

TOP

## સેન્ટ્રલ ઝોનની આરોગ્યલક્ષી કામગીરી

સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોનના વડાશ્રી તથા ઝોનલ અધિકારીશ્રીની સુચના મુજબ નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માગદર્શન હેઠળ આજરોજ તા. ૧૫–૦૯–૦૯ ના રોજ સેન્ટ્રલ ઝોનના ચૌટા બજાર વિસ્તારમાં ઓપરેશન હેલ્થ કેર હેઠળ આરોગ્યની સ્કવોડ ધ્વારા જાહેરમાં સરીયામ રસ્તા પર ધંધાકીય કચરો નાંખી ન્યુસન્સ કરતાં કુલ–૫૪ ઈસમોને રૂા. ૫,૧૦૦/– ખર્ચ વસુલ કરી તેઓની પાસે જ સાફ સફાઈ કરાવી કચરો ઘરમાં /દુકાનમાં રાખેલ કચરાપેટીમાં જ એકત્રિત કરી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ગાડીમાં નિકાલ કરવા સમજ /ચેતવણી આપવામાં આવી.

TOP

## સુરત મહાનગર પાલિકા નાં સા. વે. ઝોન(અઠવા) ના આરોગ્ય વિભાગ ધ્વારા પ્રિમોન્સુન ની કામગીરીના સંદર્ભે આદરેલી સઘન ઝુંબેશ

ડે. કમિશ્નરશ્રી (સ્પે.) અને કાર્યપાલક ઈજનેરશ્રીના આદેશાનુસાર તથા સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન સંલગ્ન આરોગ્ય વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે ડે. કમિશ્નરશ્રી પ્રદિપસિંહ ઝાલાની સુચના મુજબ તા. ૧૩–૦૯–૦૯ ના રોજ આરોગ્ય વિભાગના કાર્યક્ષેત્રમાં આવેલ ગૌરવપથ તેમજ અલથાણ ટેનામેન્ટ માર્કેટ વિસ્તાર ખાતે લોક જાગૃતિ અભિયાન અંતર્ગત જાહેરમાં ગંદકી કરતી સંસ્થા તેમજ ઈસમો પાસેથી રૂા. ૪૫,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા લોક જાગૃતિ અભિયાનમાં સદર વિસ્તારના લોકોને આરોગ્યલક્ષી જાણકારી આપવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં "વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ" તરફથી આપેલ નોટીસનો અનાદર કરીને મેલેરિયા –ડેન્ગ્યુના મચ્છર ઉત્પન્ન થાય તેવું કૃત્ય કરતાં રીંગ રોડ કોહિનુર માર્કેટનાં પી.આર.ઓ ને મ્યુનિસિપલ કોર્ટે કરેલ દંડ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જનિત રોગ નિયંત્રણ (ફાયલેરીયા–મેલેરિયા) વિભાગ તરફથી મચ્છરનો ત્રાસ દુર કરવા તેમજ ઉત્પતિ અટકાવવા માટે ઘનિષ્ઠ કામગીરીનાં ભાગ રૂપે ઘરેઘરમાં ચેકીંગ કરી મચ્છરની ઉત્પતિ થતી જણાય તો તે અંગેની ખામી દુર કરવા નોટીસ આપવામાં આવે છે. અને નાગરીકો તરફથી તેનો અમલ કરવામાં આવે છે. પરંતુ આવા એક કિસ્સામાં સેન્ટ્રલ ઝોનમાં રીંગરોડ પર આવેલ કોહીનુર માર્કેટમાં બેઝમેન્ટમાં પાણીનો ભરાવો થયેલ તેમાં, તેમજ માર્કેટની અંદર ગ્રાઉન ટાંકીનું ઢાંકણ હવા ચુસ્ત બંધ ન હોવાથી તેમાં રેહેલા પાણીમાં મેલેરીયા–ડેંગ્યુના મચ્છરની ઉત્પતિ જણાયેલ હતી જેથી આ ખામી દુર કરાવવા માટે સેન્ટ્રલ ઝોનના આસી. જંતુનાશક અધિકારી શ્રી આર.એસ.માંડેકલરે કોહિનુર માર્કેટનાં જવાબદાર એવા પી.આર.ઓ શ્રી સુગંદીન પાન્ડા ને નોટીસ આપેલ હતી. આ નોટીસનો અમલ નહિ કરીને મેલેરિયા–ડેંગ્યુના મચ્છરની ઉત્પતિનું કૃત્ય ચાલુ રાખતા, ફાઈલેરિયા પ્રોસીકયુશન સબ ઈન્સ્પેકટર શ્રી એમ.એમ. ચોકસીએ મ્યુનિસિપલ કોર્ટમાં આ વ્યકિત સામે ઘી બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ હેઠળ કેસ દાખલ કરેલ હતો. આ કેસમાં મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનિસિપલ) શ્રી એ.વી. હિરપરા સાહેબે તા. ૧૪–૦૯–૨૦૦૯ નાં રોજ આરોપીને રૂા. ૨૦૦/– નો દંડ ફટકારેલ છે.

વધુમાં સુ.મ.પા. અને ન્યાય તંત્રના સહયોગમાં, મ્યુનિસિપલ કોર્ટમાં આવા કેસો નિકાલ માટે આગામી તારીખ : બીજી ઓકટોબર–૨૦૦૯ (ગાંધી જયંતિ) શુક્રવારનાં રોજ લોક અદાલત નું આયોજન કરવામાં આવેલ છે જેમાં ઉપર મુજબનાં ઘી.બી.પી.એમ.સી. એકટ હેઠળનાં કેસોમાં સમાધાન ની રૂએ દંડની રકમમાં રાહત આપી, ઓછા દંડથી કેસોનાં નિકાલ કરવામાં આવનાર છે જેથી નાગરિકોને આ લોક આંદોલન નો લાભ અપીલ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા તરફથી ૩૭મી નાટય સ્પર્ધાનું આયોજન તા.૬.૯.૦૯ થી તા.૧૫.૯.૦૯ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન ખાતે આયોજન

સુરત મહાનગરપાલિકા તરફથી ૩૭મી નાટય સ્પર્ધાનું આયોજન તા.૬.૯.૦૯ થી તા.૧૫.૯.૦૯ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન ખાતે કરવામાં આવેલ. સુરત શહેરની નાટય સંસ્થાઓના કુલ ૧૦ નાટકો આ શ્રૃંખલામાં રજુ થયા હતા. સ્પર્ધાના અંતિમ નાટક "ગનપટ ચયઢો ગોટારે" શો બાદ સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારંભ મા. શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, ડે.કમિશનર(પ. અને ઈ.)શ્રી સી.જે.ગામીત, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્વાતીબેન ભટ્ટ, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષાશ્રીમતી હીનાબેન કાબરાવાલા નિર્ણાયકશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, પ્રજાજનો તથા નાટ્ય સંસ્થાના કલાકારો વગેરે હાજર રહયા હતા. અમદાવાદ, નડીયાદ અને વલસાડથી પધારેલ નિર્ણાયકશ્રી ડો. રજનીભાઈ જોષી, શ્રી અરવિંદભાઈ ઠકકર, તથા શ્રી સતીશભાઈ દેસાઈ વિગેરે મંચ પર હાજર રહી સૌ કલાકાર મિત્રોને બિરદાવ્યા હતા. તથા મા. શાસક પક્ષના નેતાશ્રીએ તેમના ઉપસ્થિત મહાનુભવો અને જાહેર જનતાનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, સુરતની જનતા કલાપ્રેમી અને આનંદપ્રમોદ માણનારી છે. સુરત મહાનગરપાલિકા પાણી, ગટર, લાઈટ, રસ્તા વિગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ જ નહિ પણ શહેરીજનોને મનોરંજન પુરૂ પાડવાની નેમ સાથે સૂરતની પ્રજાની આગવી પ્રકૃતિને ટકાવવા તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી આ લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા સુરત મહાનગરપાલિકા સતત પ્રયત્નશીલ રહે છે. કળા, સંગીત, નૃત્ય, નાટય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ આયોજનો અને સ્પર્ધા યોજવામાં આવે છે. જેના ફળસ્વરૂપ આજે શહેરના અનેક કલાકારો અને રમતવીરોએ શહેરનું નામ રોશન કરેલ છે. ત્યારબાદ નાટ્ય સ્પર્ધા અંગે ટીપ્પણી કરતા નિર્ણાયકશ્રી ડો. રજનીભાઈ જોષીએ જણાવ્યું હતું કે, ગુજરાતની એકમાત્ર મહાનગરપાલિકા સતત ૩૭ વર્ષથી નાટ્ય સ્પર્ધા યોજી આવા ઉગતા કલાકારોને યોગ્ય પ્લેટફોર્મ પુરુ પાડી રહી છે. ગુજરાતની રંગભૂમિને જીવંત રાખી હોય તો તેમાં સુરતના આ કલાકારોનો સિંહફાળો છે. તખ્તા પર નાટક ભજવવું એ એક કળા છે. જયારે નાટ્ય સ્પર્ધામાં વિજેતાઓ અંગે નિર્ણય લેવો એ પણ એક વિચારશીલ કળા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા કે જે આખા ભારતમાં એવી મહાનગરપાલિકા છે જે ૧૯૬૯થી નાટય સ્પર્ધા કરી ઉગતા કલાકારોને સારુ પ્લેટફોર્મ પુરૂ પાડી રહી છે. વધુમાં સુરત મહાનગરપાલિકા એ અમને નિર્ણાયક તરીકે સેવા આપવાની તક આપી તે બદલ તમામ નિર્ણાયકો સુરત મહાનગરપાલિકાનો આભાર માન્યો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબનું જાહેર કર્યુ હતું.

| વિજેતાનો ક્રમ | નાટકનું નામ | સંસ્થાનું નામ | |
|---|---|---|---|
| પ્રથમ વિજેતા | પરફેકટ હસબન્ડ | સંભવ ગૃપ | |
| દ્વિતીય વિજેતા | મૃત્યોત્સવ | એચ. કે. આર્ટસ | |
| તૃતીય વિજેતા | તારીને મારી જોડી | તરાના ક્રિએશન | |
| ચતુર્થ વિજેતા | ષડયંત્ર | રાજગૃપ થિયેટર એન્ડ પરફોર્મીંગ આર્ટ | |
| **સર્વશ્રેષ્ઠ પુરૂષ અભિનય** | | | |
| | કલાકારનું નામ | નાટકના પાત્રનું નામ | નાટકનું નામ |
| | હાર્દિક પટેલ | શીવરામ | પરફેકટ હસબન્ટ |
| **શ્રેષ્ઠ પુરૂષ અભિનય** | | | |
| ક્રમ નંબર | કલાકારનું નામ | નાટકના પાત્રનું નામ | નાટકનું નામ |
| ૧ | સંકેત ઉપાધ્યાય | ગટુ | મૃત્યોત્સવ |
| ૨ | જયેશ મોરે | બીરજુ | સત્યની આરપાર |
| ૩ | હેલીસ મૈસુરીયા | બાલમ | તારીને મારી જોડી |
| ૪ | નિરજ ચિનાઈ | રિષભ | એક સાંજ મખમલી |
| ૫ | જૈનૂલ હકીમજી | નન્હે | ષડયંત્ર |
| ૬ | રાજેષ પાંડેય | ભંવરસીંગ | ષડયંત્ર |
| ૭ | જીતેન્દ્ર સુમરા | ગનપટ | ગનપટ ચયઢો ગોટારે |

Continue …

| સર્વશ્રેષ્ઠ સ્ત્રી અભિનય | | | |
|---|---|---|---|
| ૧ | સ્મીતા પાલંદે | મોનીકા | તારીને મારી જોડી |
| **શ્રેષ્ઠ સ્ત્રી અભિનય** | | | |
| ૧ | ત્વિષા શાહ | ગંગા | મૃત્યોત્સવ |
| ૨ | હીરલ પટેલ | મલ્લીકા | પરફેકટ હસબન્ડ |
| ૩ | વૈદેહી ઉપાધ્યાય | મમ્મી | પરફેકટ હસબન્ડ |
| ૪ | મંજરી ઉપાધ્યાય | સાંજ | એક સાંજ મખમલી |
| ૫ | વિધિ પાનવાલા | લાજો | ષડયંત્ર |
| ૬ | પ્રીતિ ઠકકર | મુકિત મચ્છર | પ્રેમમાં પરેજી |
| ૭ | મનિષા શુકલ | પ્રેમિલા | ગનપટ ચયઢો ગોટારે |
| **શ્રેષ્ઠ બાળ કલાકાર** | | | |
| ૧ | તથાગત શુકલ | વિજય | મૃત્યોત્સવ |
| **શ્રેષ્ઠ દિગ્દર્શક** | | | |
| | દિગ્દર્શકનું નામ | નાટકનું નામ | સંસ્થાનું નામ |
| પ્રથમ વિજેતા | કપિલભાઈ શુકલ | મૃત્યોત્સવ | એચ. કે. આર્ટસ |
| દ્વિતીય વિજેતા | વિશાલ જરીવાલા | પરફેકટ હસબન્ડ | સંભવગૃપ |

| | **વિજેતાનું નામ** | **નાટકનું નામ** | **સંસ્થાનું નામ** |
|---|---|---|---|
| શ્રેષ્ઠ દ્રશ્ય પરિકલ્પના | જાવેદ કાઝી | મૃત્યોત્સવ | એચ. કે. આર્ટસ |
| શ્રેષ્ઠ સંગીત | શૌનક પંડયા | ષડયંત્ર | રાજગૃપ થિયેટર એન્ડ પરફોર્મીગ આર્ટ |
| શ્રેષ્ઠ સ્ક્રીપ્ટ | કાજલ ઓઝા–વૈદ્ય | પરફેકટ હસબન્ડ | સંભવ ગૃપ |
| શ્રેષ્ઠ પ્રકાશ આયોજન | હિતેશ પટેલ– લાઈટ લેંગ્વેજ | ષડયંત્ર | રાજગૃપ થિયેટર એન્ડ પરફોર્મીગ આર્ટ |
| શ્રેષ્ઠ પ્રકાશ આયોજન માટે રાષ્ટ્રીય કલા કેન્દ્ર તરફથી અપાનાર ઈનામ | | | |
| ક્રમ | વિજેતાનું નામ | નાટકનું નામ | સંસ્થાનું નામ |
| ૧ | હિતેશ પટેલ– લાઈટ લેંગ્વેજ | પરફેકટ હસબન્ડ | સંભવ ગૃપ |

ઉપરોકત તમામ વિજેતાઓને સુરત મહાનગરપાલિકા તરફથી પ્રમાણપત્ર, ટ્રોફી તથા રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. જાહેર જનતાએ મોટી સંખ્યામાં હાજર રહી તમામ નાટકોને મન ભરીને માણ્યા હતા. ઈનામ વિતરણના સમારોહના સમાપન પ્રસંગે પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, નાટય સંસ્થાઓ, નિર્ણાયકશ્રીઓ,ચેનલના કેમેરા મેનો, પત્રકારો તથા જાહેર જનતાએ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

TOP